જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૫/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૭૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૪૯૫ લીટર દેશી દારૂ, ૯૭ બોટલ ઇગ્લીશદારૂ, ૪૮ બોટલ જીન, ૨૬૪ બિયરટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૦૭૮/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** કાળુભાઈ ભુરાભાઈ ભરવાડ (ઉ.વ.૩૦)(રહે, ગોતા હાઉસીગ, સોલા) એ તા.૨૭/૫/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૧૫ બપોરનાં ૧/૩૦ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર +૯૧૭૦૩૩૦૧૭૫૬૬ ના ધારકે કાળુભાઇને વિશ્વાસમાં લઇ મોબાઇલ ફોનથી તેમનાં એ.ટી.એમ.ની વિગતો મેળવી, ઇન્ટરનેટનાં માધ્યમથી, તેમનાં બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૭૨,૭૦૫/- નું ટ્રાંજેક્શન કરી, કાળુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એલ.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૯/૧૫**

**સરદારનગર :** ઇશ્વરભાઇ શંકરાજી રાવલ (રહે,તુલસીપાર્ક સોસાયટી, નાના ચીલોડા) એ તા.૨૭/૫/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૫/૧૫ સવારના ૮/૦૦ થી તા.૨૬/૫/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧.૧૦,૬૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા :** અરવિંદભાઇ ખાનાભાઇ શિહોર (રહે,તિર્થભુમી સોસાયટી, કવિશા ટેનામેન્ટ સામે, ચાંદખેડા) એ તા.૨૭/૫/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૫/૧૫ સવારના ૯/૦૦ થી તા.૨૭/૫/૧૫ સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૨૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૮૦/૧૫**

**ચાંદખેડા :** હાર્દિકભાઇ જગદીશભાઇ પટેલ (રહેઃ સાર્થક બંગ્લોઝ, ન્યુ સી.જી.રોડ ,ચાંદખેડા) એ તા.૨૭/૫/૧૫ બપોરનાં ૨/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીક પોતાની ફોર્ડ ફીગો કાર પાર્ક કરી મુકી હતી. જે કારની ડ્રાઇવર સાઇડનો, પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી જરૂરી દસ્તાવેજો અને રોકડ રૂપિયા ૭૯,૫૦૦/- ભરેલ પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની હાર્દિકભાઇ પટેલે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૧/૧૫</u>**

**શહેરકોટડા :** તા.૨૪/૫/૧૫ બપોરનાં ૩/૧૫ વાગ્યાના સુમારે નરોડા મેમ્કો ચાર રસ્તા, રોડ ઉપરથી કોઇ અજાણ્યો પુરૂષ (૩૫ વર્ષના આશરાના) પસાર થઇ રહ્યો હતો. દરમ્યાન એસ.ટી.બસ નંબર જીજે.૧૮.વાય.૭૦૫૧ ના ચાલક ભીખુસિંહ હીરાસિંહ ઝાલા પોતાના કબ્જાની એસ.ટી.બસ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, અજાણ્યા પુરૂષને ટક્કર મારતાં, શરીરે માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરતાં, સારવાર દરમ્યાન તા.૨૬/૫/૧૫ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે એસ.ટી.ચાલક ભીખુસિંહ ઝાલા વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયદિપસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**<u>ધાબા પરથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૨/૧૫</u>**

**ગુજરાત યુનિવર્સીટી :** રાજેશભાઇ મનહરભાઇ ભાટીયા (ઉ.વ.૪૦)(રહે.શ્વેતાંબર સોસાયટી, પલીયડનગર ની બાજુમાં, નારણપુરા) તા.૨૬/૫/૧૫ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટનાં ધાબા ઉપરથી ગેલેરીમાં ઉતરવા સારૂ, ધાબા ઉપરથી લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગેલેરીમાં ઉતરતાં હતા દરમ્યાન અચાનક દોરી તુટી જતાં, નીચે જમીન ઉપર પટકાતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતાં. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પાળી પરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૮૩/૧૫**

**સાબરમતી :** મહેશભાઇ ભરતભાઇ ડંડેર (ઉ.વ.૨૫)(રહે.શ્રમજીવીનગરનાં છાપરાં, નટનાં છાપરાં પાસે, જુનાવાડજ) તા.૨૬/૫/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે પુલ નીચે આવેલ દશામાનાં મંદિર પાસે, રિવરફ્રન્ટની ઉંચી દિવાલની પાળી ઉપર પોતાના બે મિત્રો સાથે બેઠા હતા. દરમ્યાન અચાનક પાળી પરથી નીચે પડી જતાં, રોડની ફુટપાથની પાળી વાગતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતાં. જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૧/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઇ બીજલભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)